

Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073



પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

अब तो एक ही आग ''जन फरियाद''

now on Internet www.janfariyad.com

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-27 ■ અંક-22 ■ તા. 28-05-2023 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk


હું મુખ્યમંત્રી હતો ત્યારે ફરિયાદની ફાઈલમાં છઠ્ઠી ઓક્ટોબર, ૨૦૨૦ના રોજ મારી સહી સાથે આદેશ આપ્યો હતો : વિજય રૂપાણી

## આવક કરતા વધુ મિલકતને લઈ ગાંધીનગરના પૂર્વ કલેક્ટર એસ. કે. લાંગા સામે સરકારની મંજૂરી બાદ એસીબીને તપાસ સોંપાઈ

(હિ.મી.એ),ગાંધીનગર,તા.૨૭

ગાંધીનગર જિલ્લાના પૂર્વ કલેકટર એસ.કે. લાંગા સામેની તપાસ કરવા સીટની રચના બાદ હવે તેમની આવક કરતાં અપ્રમાણસરની મિલકત અંગેની તપાસ કરવા માટે સરકાર તરફથી લાંચ રુશ્વત વિરોધી બ્યુરો (એસીબી)ને સોંપવામાં આવી હોવાનું આધારભૂત વર્તુળમાંથી જાણવા મળ્યું છે. લાંચ રુશ્વત વિરોધી બ્યુરો દ્વારા લાંગાની આવક કરતાં વધુ મિલકત અંગેની તપાસ કરીને સત્ય ઉજાગર કરશે. જેમાં બેંક, સોના-ચાંદીના દાગીના, એફ.ડી. તેમ જ મિલકતો વગેરે અંગેની તપાસ કરશે.

ગાંધીનગર જિલ્લાના પૂર્વ કલેકટર નિવુત્ત આઈએએસ એસ.કે. લાંગાએ પોતાના દોઢ વર્ષના કાર્યકાળ દરમિયાન ગેરરિતી તેમ જ ગેરવહીવટ અને અનિયમિતતા અને ભ્રષ્ટ્રાચાર અંગેની ફરિયાદના પગલે ખાસ તપાસ કરનાર અધિકારી આઈએએસ વિનય વ્યાસાને તપાસ સોંપવામાં આવી હતી. તેમના અહેવાલના પગલે એસ.કે. લાંગા સામે ફરિયાદ દાખલ કરવામાં આવી છે. સાથોસાથ તેમની સામે મહેસુલી સહિતના અન્ય મુદ્દાઓની તપાસ સ્પેશિયલ ઈન્વેસ્ટીગેશન ટીમની રચના કરવામાં આવી છે. ગાંધીનગરના એસપી તરૂણ દુગલના વડપણ હેઠળ સ્પેશિયલ ઈન્વેસ્ટીગેશન ટીમની રચના કરવામાં આવી છે. બીજી તરફ તેઓ રાઈસ મિલમાં ભાગીદારથી માંડીને અનેક મિલકતો વસાવી હોવાના આક્ષેપસર ગુજરાત સરકારે આવક કરતાં અપ્રમાણસરની મિલકત અંગેની તપાસ કરવા માટે લાંચ રુશ્વત વિરોધી બ્યુરો (એસીબી)ને તપાસ સોંપવામાં આવે છે. લાંચ રુશ્વત વિરોધી બ્યુરોમાં અનેક અરજીઓ રોજબરોજ આવતી હોય છે. જેમાં વર્ગ-૨થી વર્ગ-૪ સુધીના અધિકારી તથા કર્મચારીઓની તપાસ એસીબી તરફથી આપમેળે તપાસ કરવામાં આવતી હોય છે. જયારે રાજયના કેટલાંય ઉચ્ચ અધિકારીઓ સામે અરજીઓ આવતી હોય છે. નિયમ પ્રમાણે વર્ગ-૧ કે તેની ઉપરના અધિકારીની તપાસ માટે સરકારની પૂર્વમંજુરી લેવી ફરજિયાત છે. જેથી એસીબી તરફથી જે તે વિભાગને ફાઈલ મોકલવામાં આવે છે. સરકારની મંજુરી બાદ જ અધિકારી સામેની તપાસ કરવામાં આવતી હોય છે. જેથી લાંગા સામેની તપાસ કરવા માટે એસીબીએ ગુહ વિભાગ પાસે પૂર્વ મંજુરી માંગી હતી.

નિયમ પ્રમાણે ગુહ વિભાગે આ ફાઈલ સામાન્ય વહીવટ વિભાગ બાદ મુખ્ય સચિવ તેમ જ મુખ્યમંત્રી સુધી ફાઈલ જતી હોય છે. ત્યાં નિર્ણય લેવાઈ ગયા બાદ આ ફાઈલ એ જ પધ્ધતિથી પરત ફરે છે. આ ફાઈલ પર મંજુરીની મ્હોર લાગતા એસીબી દ્વારા તપાસના ચક્રો ગતિમાન કર્યા હોવાનું સૂત્રો પાસેથી વિગતો જાણવા મળી છે. ઉલ્લેખનીય છે કે, આમ તો એસ.કે. લાંગા નિવુત્ત થયા હોવાથી સરકારની મંજુરી લેવી મરજિયાત થઈ જતી હોવાનું પણ સૂત્રોએ જણાવ્યું હતું. પરંતુ લાંગાએ ફરજ દરમિયાન આવક કરતાં અપ્રમાણસરની મિલકત વસાવી છે કે નહીં તે અંગેની તપાસ કરવા ઉપરાંત કદાચ તેમની સાથે અન્ય અધિકારીઓ જોડાયેલાં હોય તો પણ આ પ્રક્રિયા થઈ હોય તેમ માની રહ્યાં છે.

કલોલના મૂલસાણા ગામમાં દસ હજાર કરોડની બિનખેતી જમીન બિલ્ડરોને પધરાવી દેવાના આરોપોને પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી અને પૂર્વ મહેસૂલ મંત્રી કૌશિલ પટેલે પાયાવિહોણા જણાવીને ફગાવી દીધા છે. રૂપાણી અને કૌશિક પટેલે દાવો કર્યો છે કે, કથિત રીતે લાંગા દ્વારા તૈયાર કરાયેલા આ પત્રમાં કહેવાયું છે કે, સરકાર પાંજરાપોળ જમીન સંદર્ભે અવારનવાર હાઈ પાવર કમિટીની બેઠક બોલાવતી. ત્યાર પછી સીધી સૂચના આપીને જમીનની મંજૂરીના આદેશ અપાતા હતા. જોકે, પાંજરાપોળની જમીન બાબતે કોઈ હાઈ પાવર કમિટીની બેઠક મળી જ નથી કે એવી કોઈ બેઠકમાં તેની ચર્ચા પણ થઈ નથી. અમારું માનવું છે કે, લાંગાએ આરોપોથી બચવા અને અમને રાજકીય રીતે બદનામ કરવા આ જૂઠ્ઠાણું ચલાવ્યું છે. આ આરોપોને ફગાવીને લાંગા અંગે વિજય રૂપાણીએ કહ્યું છે કે, લાંગા કલેક્ટર હતા ત્યારે પણ અમને અનેક ફરિયાદો મળી હતી. તેથી હું મુખ્યમંત્રી હતો ત્યારે આ ફરિયાદની ફાઈલમાં છઠ્ઠી ઓક્ટોબર, ૨૦૨૦ના રોજ મારી સહી સાથે આદેશ આપ્યો હતો કે, લાંગા વિરુદ્ધ આવેલી ફરિયાદોની તપાસ થવી જોઈએ. આ ફરિયાદની તપાસ સરકારના નિવૃત્ત અધિકારી વિનય વ્યાસને સોંપાઈ હતી. ત્યાર પછી વર્તમાન મુખ્યમત્રી ભૂપેન્દ્ર પટેલે તે તપાસ કરાવી અને લાંગા વિરુદ્ધ પ્રાથમિક રિપોર્ટ પણ રજૂ કરાયો છે. કૌશિક પટેલે કહ્યું છે કે, તમામ કલેક્ટરોની કામગીરી અંગેનો સી.આર. રિપોર્ટ કલેક્ટરના પર્ફોર્મન્સના આધારે ભરવાનો હોય છે. હું મહેસૂલ મંત્રી હતો ત્યારે મારી પાસે પણ લાંગા વિરુદ્ધ ગેરરીતિની અનેક ફરિયાદો આવતી હતી. તેથી મેં તેમના સી.આર. રિપોર્ટમાં નોન પર્ફોર્મિંગ અને ગેરરીતિના કારણે માર્ક ઘટાડી દીધા હતા. તેથી સ્પષ્ટ થાય છે કે, લાંગાએ મને રાજકીય રીતે બદનામ કરવા દ્વેષથી આ બાબતો તેમના કથિત પત્રમાં લખી છે. કલોલ અને દહેગામ તાલુકામાં ઉદ્યોગો શરૂ કરવા માટે જમીનની તમામ પ્રક્રિયાઓમાં લાંગાએ નિયમો નેવે મૂક્યા હતા. ઉદ્યોગોને એનએ સર્ટિફિકેટ આપવા માટે પણ મોટા તોડ કરવામાં આવ્યા હતા. આર્થિક વ્યવહારોના આધારે ગણતરીના સમયમાં જ આવા સર્ટિફિકેટ ઈશ્યુ કરી દેવામાં આવ્યા હતા. પૂર્વ કલેક્ટર એસ.કે.લાંગા સામે ખુદ સરકારે જ ફરિયાદ દાખલ કરી હોવાથી અને તપાસ અધિકારીના રીપોર્ટ સહિતના મજબૂત પુરાવા લાંગા સામે હોવાથી હવે ગમે ત્યારે પોલીસ લાંગાની ધરપકડ કરી શકે છે. જોકે, હાલ પોલીસ નિયત પ્રક્રિયા અનુસરી રહી છે. પરંતુ ગમે ત્યારે ધરપકડ થઈ શકે છે. અગાઉ પંચમહાલમાં પણ લાંગા સામે એફઆઈઆર દાખલ થઈ હતી પરંતુ તેમાં લાંગાએ આગોતરા જામીન મેળવી લેતા ધરપકડથી બચી ગયા હતા.

## આગ ઓકતી ગરમીથી મળશે આંશિક રાહત, આગામી બે દિવસ ગુજરાતમાં વરસાદની વકી

અમદાવાદઃ રાજ્યમાં શુક્રવારે અચાનક વાતાવરણમાં પલટો આવ્યો હતો. જે બાદ ગુજરાતના અનેક વિસ્તારોમાં વરસાદી ઝાપટાં પડ્યા હતા. અમદાવાદમાં પણ ઠેર ઠેર વરસાદી માહોલ જામ્યો હતો અને કેટલાંક વિસ્તારોમાં અચાનક વરસાદ તૂટી પડ્યો હતો. આકાશમાં પણ વાદળછાયુ વાતાવરણ જોવા મળ્યું હતું. વરસાદ પડ્યા બાદ શહેરીજનોને આગ ઓકતી ગરમીમાંથી આંશિક રાહત મળી હતી. ત્યારે હવામાન વિભાગે આગાહી કરી છે કે, આગામી બે દિવસ દરમિયાન રાજ્યમાં ફરીથી વરસાદ પડી શકે છે. જે બાદ લોકોને ગરમીથી આંશિક રાહત મળી શકે છે. રાજ્યમાં વાદળછાયુ વાતાવરણ રહેશે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે વરસાદની આગાહી કરવામાં આવી છે.પ્રાપ્ત રિપોર્ટ મુજબ, હવામાન વિભાગે ગુજરાતમાં ફરી એક વાર વરસાદની આગાહી કરી છે. આગામી ૨૮ અને ૨૯ મેના રોજ રાજ્યના વાતાવરણમાં પલટો આવી શકે છે અને આ બે દિવસ દરમિયાન વરસાદ પડી શકે છે. ગુજરાતના સૌરાષ્ટ્ર, ઉત્તર અને દક્ષિણ ગુજરાતમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. આ સિવાય પાટણ, મહેસાણા, બનાસકાંઠા અને સાબરકાંઠામાં પણ વરસાદની આગાહી કરવામાં આવી છે. ઉપરાંત આણંદ,ભરુચ, અમરેલી, રાજકોટ અને ભાવનગરમાં પણ વરસાદની શક્યતા રહેલી છે.તો હવામાન વિભાગની આગાહી મુજબ, અમદાવાદ અને ગાંધીનગરમાં પણ વાદળછાયુ વાતાવરણ રહેશે. આ સિવાય હવામાન વિભાગે આગામી બે દિવસ દરમિયાન માછીમારોને દરિયો ન ખેડવા માટે સૂચના આપી છે. રાજ્યમાં ભારે પવન ફૂંકાય એવી પણ આગાહી કરવામાં આવી છે. જો વરસાદ પડશે તો નાગરિકોને ગરમીમાંથી આંશિક રાહત મળી શકે છે. મહત્વનું છે કે, ૨૬ મે એટલે કે શુક્રવારના રોજ રાજ્યના વાતાવરણમાં પલટો આવ્યો હતો અને અમદાવાદ સહિતના અનેક વિસ્તારોમાં વરસાદી ઝાપટાં પડ્યા હતા. બીજી તરફ, હવામાન વિભાગે આગાહી કરી છે કે, આ વર્ષે દેશમાં ચોમાસું સામાન્ય રહી શકે છે. હવામાન વિભાગની આગાહીનું માનીએ તો આગામી ચાર જૂનના રોજ ચોમાસું કેરળમાં દસ્તક આપશે.આ વર્ષે ચોમાસું ૯૬ ટકા રહે એવો એક અંદાજ છે. બીજી તરફ, ઉત્તર પશ્ચિમ વિસ્તારમાં સામાન્ય કરતા ઓછો વરસાદ પડવાની શક્યતા છે. દક્ષિણ પશ્ચિમ વિસ્તારમાં ચોમાસું ૯૬ ટકા રહે એવુ અનુમાન છે. તો ચોમાસા દરમિયાન અલનીનોની સંભાવના ૯૦ ટકાથી પણ વધુ છે. ગુજરાતમાં ચોમાસાને લઈને પણ હવામાન વિભાગે આગાહી કરી છે. હવામાન વિભાગે આ વર્ષે ગુજરાતમાં ૯૨ ટકાથી ઓછા વરસાદની સંભાવના વ્યક્ત કરી છે. તો આ વર્ષે ગુજરાત સહિત પશ્ચિમ ભારતમાં ચોમાસુ નબળું રહી શકે છે. મહત્વનું છે કે, ગયા વર્ષે ગુજરાતમાં રેકોર્ડ બ્રેક વરસાદ નોંધાયો હતો. જો કે, આ વર્ષે ગુજરાતમાં ચોમાસુ સામાન્ય રહે એવું અનુમાન છે.

## ફેક્ટરીમાં સાથે કામ કરતી યુવતીને લગ્નની લાલચ આપી ભગાડી ગયો પ્રેમી, ગેસ્ટ હાઉસમાં લઈ જઈ બતાવ્યું અસલી રૂપ

અમદાવાદઃ શહેરના નારોલ વિસ્તારમાં ફેક્ટરીમાં સાથે કામ કરતાં યુવકે લગ્નની લાલચ આપી અવારનવાર બળાત્કાર કર્યો હોવાની ફરિયાદ યુવતીએ સ્થાનિક પોલીસ સ્ટેશનમાં નોધાવી હતી, જે બાદ પોલીસે તરત જ કાર્યવાહી હાથ ધરી હતી અને આરોપી તેમજ તેના બે મિત્રોની ધરપકડ કરી હતી, જેણે પણ પીડિતાનો લાભ ઉઠાવ્યો હતો. સમગ્ર કિસ્સાની વાત કરીએ તો, પીડિતા માતા સાથે ફેક્ટરીમાં કામ કરતી હતી અને આ દરમિયાન સાથે કામ કરતાં યુવક સાથે તેની મિત્રતા બંધાઈ હતી, જે આગળ જતાં પ્રેમમાં પરિણમી હતી. પરિવારના સભ્યો સંબંધો નહીં સ્વીકારે તેવો ડર બતાવી યુવક તેને તેના જ ઘરેથી ભગાડી ગયો હતો. બાદમાં યુવકે યુવતીને થોડા સમય સુધી ગેસ્ટ હાઉસ, હોટેલ તેમજ ભાડાના મકાનમાં રાખી હતી અને અવારનવાર શારીરિક સંબંધ બાંધ્યો હતો. પીડિતાએ નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, યુવક એટલો હેવાન બની ગયો હતો કે તેના બે મિત્રોને પણ સાથે લઈ આવતો હતો અને તેઓ પણ પીડિતા પર દુષ્કર્મ આચરતા હતા.યુવક અને યુવતી થોડા દિવસ માટે ધાનેરા લઈ ગયો હતો અને ત્યાં પણ તેમની વચ્ચે સંબંધો બંધાયા હતા. જે બાદ બંને અમદાવાદ આવી ગયા હતા અને ભાડાના મકાનમાં લઈ ગયો હતો. યુવકે માત્ર લગ્નની લાલચ જ આપી હોવાનો અહેસાસ થતાં યુવતી ત્યાંથી ગમે તેમ કરી ભાગી છૂટી હતી અને છોટુ ઉર્ફે છોટુરામ ઈસરાર શાહ, રિંકુ ગોહિલ તેમજ મિલન ઠાકોર સામે દુષ્કર્મની ફરિયાદ નોંધાવી હતી. નારોલ પોલીસે તરત જ તપાસ શરૂ કરી હતી અને આરોપ સાબિત થતાં જ ત્રણેયને પકડીને જેલ ભેગા કર્યા હતા.અમદાવાદ જેવા મેટ્રો સિટીમાં મહિલાઓ પર થતાં અત્યાચારના કેસ ઓછા થઈ રહ્યા છે. બળાત્કાર, દહેજ માટે શોષણ, ઘરેલુ હિંસા સહિતના કેસ અવારનવાર સામે આવતા રહે છે. થોડા દિવસ પહેલા જ શહેરના રામોલ વિસ્તારમાં સાસુ-પુત્રવધૂના સંબંધોને લજવતો કિસ્સો બન્યો હતો, જ્યાં સસરાએ દીકરાની પત્ની પર નજર બગાડી હતી અને હવસનો શિકાર બનાવી હતી. ૨૮ એપ્રિલે જ્યારે ખાનગી કંપનીમાં કામ કરતો પતિ નોકરી પર ગયો ત્યારે મહિલા ઘરે એકલી હતી. મહિલા જ્યારે બાથરૂમમાં કપડા જોઈ રહી હતી ત્યારે સસરાએ તેને પાછળથી પકડી લીધી હતી અને હાથથી મોં દબાવી દીધું હતું. નરાધમે વહુના બંને હાથ રૂમાલથી બાંધી દીધા હતા અને રેપ કર્યો હતો. આ સાથે સસરાએ જો પતિને આ વાત કરી તો મારી નાખશે તેવી પણ ધમકી આપી હતી. મહિલા એટલી ડરી ગઈ હતી કે પતિને કહ્યા વગર પિયર જતી રહી હતી. જ્યાં તે ગુમસુમ રહેતી હતી જ્યારે પિતાએ આ માટે પૂછપરછ કરી તો તે રડવા લાગી હતી અને પોતીની સાથે જે કંઈ થયું તે જણાવ્યું હતું. પતિને પણ ઘરમાં આવું કંઈક થયું હોવાની જાણ નહોતી અને તેથી પત્નીને લેવા જ્યારે સાસરે પહોંચ્યો ત્યારે ઘટના વિશે જાણી તેના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. મહિલાના પિતા તરત જ નારોલ પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા અને ફરિયાદ નોંધાવી હતી. જે બાદ આરોપીની ધરપકડ કરવામાં આવી હતી.

## જીવરાજપાર્કમાં બોગસ કોલ સેન્ટર ઝડપાયું, અમેરિકન નાગરિકોને સાથે કરતા છેતરપિંડી

અમદાવાદઃ શહેર પોલીસે વેજલપુરના એક ઘરમાંથી ત્રણ યુવકોને ગેરકાયદેસર કોલ સેન્ટર ચલાવવા બદલ ધરપકડ કરી છે, જેઓ કથિત રીતે યુએસ નાગરિકોને સરળ લોન આપીને છેતરપિંડી કરતા હતા. ત્રણેયની ઓળખ ઉજાલા સર્કલ પાસેના આકાશ હોમ્સમાં રહેતા તીર્થ ભટ્ટ, વેજલપુરના ફિરોઝવિલાના રહેવાસી અમનખાન બાબી અને વેજલપુરના કૈલાશ ટેનામેન્ટમાં રહેતા પાર્થ સોલંકી તરીકે થઈ છે. શુક્રવારે વહેલી સવારે ત્રણેયની ધરપકડ સોલંકીના ઘરેથી કરવામાં આવી હતી અને ત્રણેય આરોપીઓની ઉંમર ૨૧-૨૧ વર્ષની હોવાનું તપાસમાં સામે આવ્યું છે.જીવરાજપાર્ક વિસ્તારમાં પોલીસ પેટ્રોલિંગ કરી રહી હતી, ત્યારે બાતમી મળી હતી કે, વેજલપુર જીવરાજપાર્કમાં આવેલા કૈલાશ ટેનામેન્ટમાં એક મકાનમાં તીર્થ ભટ્ટ નામનો યુવક માણસો રાખીને અમેરિકાની લોન આપનાર કંપનીના અધિકારી તરીકેની ખોટી ઓળખ આપીને અમેરિકન નાગરિકોને લોન આપવાનો વિશ્વાસ કેળવી લોનના બહાને પે-ડે પ્રોસેસથી ગેરકાયદે કોલ સેન્ટર ચલાવે છે. જેના આધારે પોલીસે દરોડા પાડતા ભાંડો ફૂટ્યો હતો.પ્રાપ્ત માહિતી અનુસાર સોલંકીના ઘરમાં ગેરકાયદેસર રીતે કોલ સેન્ટર ચલાવવામાં આવી રહ્યું હતું. ભટ્ટ યુએસ નાગરિકોના ડેટા સોર્સિંગનું કામ કરતા હતા, જ્યારે બાબી અને સોલંકીએ કૉલ્સ કર્યા હતા અને અમેરિકન નાગરિકોને વિના પ્રયાસે લોનના વચનો આપીને લલચાવ્યા હતા.અમદાવાદ સાયબર ક્રાઈમ સેલના એક અધિકારીના જણાવ્યા અનુસાર લેન્ડિંગ ક્લબના કર્મચારીઓ હોવાનો દાવો કરીને આરોપીઓએ પીડિતોને લોન મેળવવા માટે વિવિધ એપ્સ દ્વારા નોમિનલ પેમેન્ટ્સ જણાવ્યું હતું. એકવાર યુએસ નાગરિકે રકમ ચૂકવી દીધી, ત્યારબાદ સ્કેમર્સ ઝડપથી તેને યુએસ ડોલરમાં ટ્રાન્સફર કરી લીધા.અધિકારીએ જણાવ્યું કે ગુનેગારોએ અમેરિકન નંબર દર્શાવીને કોલ કરવા માટે સ્કાઈપ એપનો ઉપયોગ કર્યો હતો. ધરપકડ દરમિયાન પોલીસે પાંચ સેલફોન, ત્રણ લેપટોપ અને એક રાઉટર સહિત કુલ ૮૭,૫૦૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરીને ત્રણેય સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.મળતી માહિતી અનુસાર સાયબર ક્રાઈમ પોલીસે ભટ્ટ, બાબી અને સોલંકી સામે વિશ્વાસનો ભંગ, ઢોંગ કરીને છેતરપિંડી, છેતરપિંડી, ગુનાહિત કાવતરું અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી એક્ટના ઉલ્લંઘન સહિતની વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કર્યો છે. આરોપીઓએ યુએસ નાગરિકો વિશેની અંગત માહિતી કેવી રીતે મેળવી અને અન્ય વ્યક્તિઓ આ ગુનામાં સામેલ હતા કે કેમ? તે અંગે સાયબર સેલ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે.

## રાજકોટ સિવિલમાં સ્ટ્રેચરને સફેદને બદલે કેસરી રંગ લગાવાયો

(એ.આર.એલ),રાજકોટ,તા.૨૭

સૌરાષ્ટ્રની સૌથી મોટી સિવિલ હોસ્પિટલ ફરી એક વખત વિવાદમાં આવી છે. આ વખતે રાજકોટ સિવિલ હોસ્પિટલ દર્દીને લઇ જવા માટે વપરાતાં સ્ટ્રેચરને લઇ વિવાદમાં આવી છે, જેમાં બે દિવસની અંદર ઈમર્જન્સી વિભાગમાં એક બાદ એક સ્ટ્રેચરનો કલર બદલાવી સફેદના બદલે કેસરી કરી દેવામાં આવ્યો છે. જોકે આ કલર સ્ટ્રેચર ગુમ થઇ જતાં હોવાથી અલગ તરી આવે એ માટે નર્સિંગ સ્ટાફ દ્વારા કોઈની પરવાનગી વગર કરી દેવામાં આવ્યાનો હોવાનો લૂલો બચાવ કરવામાં આવ્યો છે. જોકે આ વાત કોઈને પણ ગળે ઊતરે એમ નથી! રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દર્દીઓ માટે વપરાતાં સ્ટ્રેચરને ભગવો કલર કરી દેવામાં આવતાં વિવાદ સર્જાયો છે. આ અંગે ઈમર્જન્સી વિભાગમાં ફરજ બજાવતા મેડિકલ ઓફિસર ડો. અશ્વિન રામાણીએ જણાવ્યું હતું કે સ્ટ્રેચરનો કલર સફેદ હોવો જોઈએ, પરંતુ ઈમર્જન્સી વિભાગના નર્સિંગ સ્ટાફ દ્વારા સ્ટ્રેચરની ઓળખ માટે કલર બદલવામાં આવ્યો છે. વારંવાર સ્ટ્રેચર ગુમ થઈ જતાં હોય છે, જેની અવારનવાર અમે ફરિયાદ કરી છે. જોકે કેસરી કલર યોગ્ય નથી, માટે અમે ફરી સફેદ કલર સ્ટ્રેચર પર કરવા સૂચના આપી છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે રાજકોટ સિવિલ હોસ્પિટલ ઓપીડીમાં સ્ટાફની ખૂબ અછત છે. વારંવાર રજૂઆત કરવા છતાં સ્ટાફની ભરતી કરવામાં આવતી નથી. આ વાત કરતાં કરતાં તેઓ અકળાઈ ગયા હતા અને જણાવ્યું હતું કે હું આવ્યો ત્યારે ૮૦૦ ઓપીડી હતી અને આજે ૨૭૦૦ની ઓપીડી છે છતાં સ્ટાફ હતો એટલો ને એટલો જ છે. મેડિકલ ઓફિસરના જણાવ્યા મુજબ, આજે પણ રાજકોટ ઈમર્જન્સી વિભાગમાં ૩ મેડિકલ ઓફિસર, ૩ પ્યૂન, ૧ નર્સિંગ સ્ટાફ અને ૧ ઈસીજી માટે ટેક્નિશિયન છે.

હજુ પણ વધુ ઓછામાં ઓછા ૨ મેડિકલ ઓફિસર અને ૧ નર્સિંગ સ્ટાફ વધારે હોવો જોઇએ. નાઈટ શિફ્ટમાં પણ સ્ટાફ વધારવાની જરૂરિયાત છે. સિવિલ સુપરિન્ટેન્ડન્ટ અને આરએમઓને કંઈ પડી જ નથી. વારંવાર રજૂઆત કરવા છતાં તેમની આંખ ખૂલતી નથી. ઉલ્લેખનીય છે કે કેસરી સ્ટ્રેચર અંગે વિવાદ સર્જાતાં હવે એના પર ફરી સફેદ કલર કરવાનું શરૂ કરી દેવામાં આવ્યું છે.

## જવાહરલાલ નેહરુની પુણ્યતિથિઃ પીએમ મોદીએ આપી શ્રદ્ધાંજલિ, રાહુલ ગાંધી અને ખડગે શાંતિ વન પહોંચ્યા

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૭

આજે ૨૭મી મેના રોજ મહાન સ્વતંત્ર સેનાની અને દેશના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નેહરુની ૫૯મી પુણ્યતિથિ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પૂર્વ વડપ્રધાન જવાહરલાલ નેહરુને તેમની પુણ્યતિથિએ તેમને યાદ કરીને શ્રદ્ધાંજલિ આપી. પીએમ નરેન્દ્ર મોદીએ ટ્વીટ કરીને લખ્યું કે હું પૂર્વ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નેહરુને તેમની પુણ્યતિથિ પર શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું.

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અને પાર્ટી અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ શાંતિ વન પર સમાધિ પર પુષ્પ અર્પણ કરીને શ્રદ્ધાંજલિ આપી હતી. ભારતના પ્રથમ વડાપ્રધાન નેહરુને શ્રદ્ધાંજલિ આપવા માટે દેશભરમાં કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ દિવસે ૭૪ વર્ષની વયે જવાહરલાલ નેહરુનું અવસાન થયું હતું. દેશના પ્રથમ વડાપ્રધાન નેહરુની પુણ્યતિથિ પર કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ ટ્વીટ કર્યું કે પંડિત જવાહરલાલ નેહરુના યોગદાન વિના ૨૧મી સદીના ભારતની કલ્પના કરી શકાતી નથી. લોકશાહીના નિર્ભય ચોકીદાર, તેમના પ્રગતિશીલ વિચારોએ પડકારો હોવા છતાં ભારતના સામાજિક, રાજકીય અને આર્થિક વિકાસને મજબૂત રીતે સંચાલિત કર્યું. 'હિંદના જવાહર'ને મારી નમ્ર શ્રદ્ધાંજલિ.

કોંગ્રેસના મહાસચિવ અને રાજ્યસભા સાંસદ કેસી વેણુગોપાલે ટ્વીટ કર્યું કે મહાન સ્વાતંત્ર્ય સેનાની, એક દુરંદેશી વડાપ્રધાન, લોકશાહીમાં માનતો માણસ જેણે આપણા પ્રજાસત્તાક રાષ્ટ્રનો પાયો નાખ્યો. સમગ્ર વિશ્વમાં સમ્માનિત રાજનેતા, પંડિત જવાહરલાલ નેહરુએ તેમના તમામ અનુગામીઓ માટે એક ઉદાહરણ સ્થાપિત કર્યું હતું. પંડિતજીને તેમની પુણ્યતિથિ પર શત શત વંદન.દિલ્હીના મુખ્યપ્રધાન અરવિંદ કેજરીવાલે ટ્વીટ કર્યું કે દેશના પૂર્વ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નેહરુને તેમની પુણ્યતિથિ પર નમ્ર શ્રદ્ધાંજલિ. રાજસ્થાનના સીએમ અને કોંગ્રેસ નેતા અશોક ગેહલોતે એક ટ્વિટમાં લખ્યું કે સ્વતંત્રતા સેનાની અને આધુનિક ભારતના શિલ્પકાર, પૂર્વ વડાપ્રધાન ભારત રત્ન પંડિત જવાહરલાલ નેહરુને તેમની પુણ્યતિથિ પર શ્રદ્ધાંજલિ. દેશની આઝાદી અને નવા ભારતના નિર્માણમાં આપેલા અમૂલ્ય યોગદાન માટે આખું દેશ આપનો ઋણી છે.

## બનાસકાંઠાના અમીરગઢના જૈન મંદિરમાં ભગવાનના ઘરેણાની ચોરી

(એ.આર.એલ),પાલનપુર,તા.૨૭

દુકાનો અને ઘર બાદ હવે તસ્કરો મંદિરોમાં ભગવાનને પણ નિશાન બનાવી રહ્યા છે. બનાસકાંઠા જિલ્લાના અમીરગઢમાં આવેલા જૈન દેરાસરમાં ભગવાનના ઘરેણાની ચોરી થઇ છે. મોડી રાત્રે કેટલાક ઈસમો દેરાસરમાં પ્રવેશી મંદિરમાં મૂર્તિઓને પહેરાવેલા ઘરેણાંની ચોરી કરી ત્યાંથી ફરાર થઇ ગયા હતા. ચોરી આ સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઇ છે.ઘટના અંગે સ્થાનિકોએ પોલીસને જાણ કરતા અમીરગઢ પોલીસ તત્કાલિક ઘટના સ્થળ પર પહોંચી હતી અને સીસીટીવી ફૂટેજના આધારે તસ્કરોને ઝડપી લેવા તપાસ હાથ ધરી છે.અમીરગઢમાં અગાઉ પણ ચોરી થયાની અનેક ઘટનાઓ બની છે. ત્યારે હવે મંદિરમાં ભગવાનના ઘરેણાની ચોરી થઇ છે. ગઇકાલે રાત્રેના અંધારાનો લાભ લઇ તસ્કરોએ અમીરગઢના જૈન દેરાસરને નિશાન બનાવ્યું હતું. ત્રણેક વાગ્યાના સુમારે દેરાસરના ભગવાનના ઘરેણાંની ચોરી કરી ગયા હતા. ચોર સીસીટીવી કેમેરામાં ચોરી કરતા કેદ થયા છે. જૈન દેરાસરમાં કુલ ૧૭૦૦૦૦ ની ચોરીનો ગુનો નોંધી પોલોસએ તાપસ આરંભી છે.

## નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં આઈપીએલમાં ચેમ્પિયન્સ પર કરોડોનો વરસાદ વરસશે

(એ.આર.એલ),અમદાવાદ,તા.૨૭

આઈપીએલ-૨૦૨૩ હવે પૂર્ણાહુતિના આરે છે. આવતીકાલે નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ચાર વખતની ચેમ્પિયન ચેન્નાઈ સુપર કિંગ્સ અને ડિફેન્ડિંગ ચેમ્પિયન ગુજરાત ટાઈટન્સ વચ્ચે ફાઈનલ રમાશે. મહેન્દ્ર સિંહ ધોનીની ટીમ પાંચમી વાર ટ્રોફી જીતવા માટે ઉતરશે. તો હાર્દિકની આગેવાની હેઠળની ગુજરાત સતત બીજીવાર ટાઈટલ જીતીને ટ્રોફીને ડિફેન્ડ કરવા ઈચ્છશે. હવે જોવાનું એ રહેશે કે આ બન્ને ટીમમાંથી કોણ ટ્રોફી ઉઠાવે છે. ત્યારે જે ચેમ્પિયન બનશે, તેના પર કરોડોની ધનવર્ષા થશે. આઈપીએલ ચેમ્પિયન બનનાર અને રનર્સઅપ થનારને કરોડોમાં રૂપિયા મળશે. ઉપરાંત અલગ-અલગ અવોર્ડ્સ જીતનારને પણ સારા એવા પૈસા મળશે. તો ચાલો જાણીએ કોને કેટલા રૂપિયા મળી શકે છે.

આઈપીએલમાં દર વર્ષે અલગ-અલગ કેટેગરીમાં પણ અવોર્ડ્સ અપાય છે. જેમાં આ વખતે કુલ સાત કેટેગરીનો સમાવેશ થાય છે. આ વખતે ઈમર્જિંગ પ્લેયર ઑફ ધ ટુર્નામેન્ટ, સુપર સ્ટ્રાઈકર ઑફ ધ સિઝન, ઓરેન્જ કેપ, પર્પલ કેપ, મોસ્ટ વેલ્યૂએબલ પ્લેયર ઑફ ધ સિઝન, સૌથી વધુ સિક્સ ફટકારવાનો રેકોર્ડ અને ગેમ ચેન્જર ઑફ ધ સિઝન જેવા અવોર્ડ્સ આવે છે. જેમાં ઈમર્જિંગ પ્લેયર ઑફ ધ ટુર્નામેન્ટની વાત કરીએ તો આ અવોર્ડ જીતનારને ૨૦ લાખ રૂપિયા મળશે, તો સુપર સ્ટ્રાઈકર ઑફ ધ સિઝન, ઓરેન્જ કેપ (સૌથી વધુ રન બનાવનાર), પર્પલ કેપ (સૌથી વધુ વિકેટ લેનાર)ને ૧૫-૧૫ લાખ રૂપિયા મળશે. મોસ્ટ વેલ્યૂએબલ પ્લેયર ઑફ ધ સિઝન, સૌથી વધુ સિક્સ ફટકારવાનો રેકોર્ડ અને ગેમ ચેન્જર ઑફ ધ સિઝનનો અવોર્ડ જીતનારને ૧૨-૧૨ લાખ રૂપિયા મળશે. આમ અલગ-અલગ કેટેગરીમાં અવોર્ડ જીતનારને પણ ધનલાભ થશે. લીગની વિજેતાને ૨૦ કરોડ, રનર્સ અપને ૧૩ કરોડ મળશે. આઈપીએલ-૨૦૨૩માં વિજેતા ટીમ, રનર્સ અપ, ત્રીજા અને ચોથા સ્થાને રહેલી ટીમને પણ રૂપિયા મળશે.આઈપીએલ ચેમ્પિયનને ૨૦ કરોડ રૂપિયા મળશે. તો ઉપવિજેતા ટીમને ૧૩ કરોડ રૂપિયા મળશે. ત્રીજા નંબરે રહેનારી ટીમને ૭ કરોડ રૂપિયા મળશે. એટલે કે મુંબઈ ઈન્ડિયન્સને આટલી રકમ મળશે. જ્યારે ચોથા નંબરે રહેનારી લખનઉ સુપરજાયન્ટ્સને ૬.૫ કરોડ મળશે.

આ સિઝનમાં હાઈએસ્ટ રન સ્કોરર અને હાઈએસ્ટ વિકેટટેકર ગુજરાત ટાઈટન્સના ખેલાડીઓ જ છે. ઓરેન્જ કેપ ગુજરાતના ઓપનર શુભમન ગિલ પાસે છે. તેણે ક્વોલિફાયર-૨ સુધીમાં ૮૫૧ રન ફટકાર્યા છે. તો ફાસ્ટ બોલર મોહમ્મદ શમીએ અત્યારસુધીમાં ૨૮ વિકેટ ઝડપી છે.

# તંત્રી લેખ

## લોકશાહીના મંદિર સમાન સંસદ ભવનના ઉદ્ઘાટનને વિવાદનું ગ્રહણ

વિશ્વના સૌથી મોટા લોકતંત્ર ભારત માટે એ વિટંબણા છે કે નવા સંસદ ભવનના ઉદ્ઘાટન મામલે સત્તાકીય મથામણ મચી છે. કેટલાક રાજકીય દળોએ ૨૮ મેના રોજ થનાર સમારોહના બહિષ્કારનું એલાન કર્યું છે. નવા સંસદ ભવનના ઉદ્ઘાટનનો મામલો હવે સુપ્રીમ કોર્ટ પહોંચ્યો છે. જેમાં દાખલ કરાયેલ પીઆઈએલમાં માંગ કરવામાં આવી છે કે સંસદના નવા ભવનનું ઉદ્ઘાટન રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે. નોંધનીય છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા સંસદભવનના ઉદ્ઘાટનનો વિરોધ કરતા ઘણા વિરોધ પક્ષોએ કાર્યક્રમનો બહિષ્કાર કરવાની વાત કરી છે. જેમાં રાજદ, એનસીપી, ડીએમકે, તૃણમૂલ કોંગ્રેસ, સપા, આપ, વીસીકે, એઆઈએમઆઈએમ, ઠાકરે જૂથ તથા ડીએમકે પાર્ટી સહિત કેટલાક રાજકીય દળોએ કાર્યક્રમનો બહિષ્કાર જાહેર કર્યો છે. આ વિવાદની શરુઆત રાહુલ ગાંધીના એક ટ્વીટથી થઇ હતી. જેમાં તેઓએ કહ્યું હતું કે, સંસદ ભવનનું ઉદ્ઘાટન રાષ્ટ્રપતિ દ્વારા થવું જોઇએ. જો વડાપ્રધાન ઉદ્ઘાટન કરે છે તો તે રાષ્ટ્રપતિનું અપમાન હશે. ભારતના રાજકીય દળોએ એ વિચારવું જોઇએ કે સંસદ ફકત નવી ઈમારત નથી. પરંતુ દેશની પુરાણી પરંપરાઓ, મૂલ્યો અને નિયમો સાથેનું સન્માનિત પ્રતિષ્ઠાન છે. જે ભારતીય લોકશાહીનો પાયો છે. ૮૬૨ કરોડના ખર્ચે બનતા સંસદ ભવનનું કામ સંપૂર્ણ થઇ ગયું છે. ગત ૧૦ ડિસે.૨૦૨૦ના રોજ વડાપ્રધાને સંસદ ભવનની આધારશિલા મૂકી હતી. જયારે ૧૫ જાન્યુ.૨૦૨૧ના રોજ બાંધકામ શરુ થયું હતું. જો કે આ ભવન ગત વર્ષ નવેમ્બર માસમાં પૂર્ણ થવાનું હતું. સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટ અંતર્ગત બનેલ આ બિલ્ડીંગ વડાપ્રધાનનો ડ્રીમ પ્રોજેક્ટ છે. જૂનું સંસદભવન ૪૭ હજાર ૫૦૦ વર્ગમીટરમાં છે. જયારે નવી બિલ્ડીંગ ૬૪ હજાર ૫૦૦ વર્ગ મીટરમાં બનાવવામાં આવી છે. મતલબ કે જૂના કરતાં નવું ભવન ૧૭ હજાર વર્ગમીટર મોટું છે. ભૂકંપપ્રૂફ હોવા સાથે ૪ માળના નવા સંસદ ભવનમાં ૩ દરવાજા છે. જેને જ્ઞાન દ્વાર, શક્તિ દ્વાર અને કર્મ દ્વાર નામ અપાયું છે. સંસદ ભવનની ડીઝાઇન એચસીપી ડિઝાઇન, પ્લાનિંગ એન્ડ મેનેજમેન્ટ પ્રા.લિ.એ તૈયાર કરી છે. સાંસદો અને વીઆઈપી માટે અલગ એન્ટ્રી આપવામાં આવી છે. હાલની લોકસભામાં ૫૯૦ લોકોની બેઠક વ્યવસ્થા છે. જયારે નવી લોકસભામાં ૮૮૮ બેઠક વ્યવસ્થા અને વિઝિટર્સ ગેલેરીમાં ૩૩૬થી વધુ લોકો બેસી શકશે. નવી રાજયસભામાં ૩૮૪ બેઠકો અને વિઝિટર્સ ગેલેરીમાં ૩૩૬થી વધુ લોકોની બેઠક વ્યવસ્થા છે. હાઇટેક કેફે અને ડાઇનિંગ એરિયા છે. કોમન રુમ, મહિલાઓ માટે લોન્ઝ તથા વીઆઈપી લોન્ઝની પણ વ્યવસ્થા છે. કમિટી મીટીંગ માટે જુદા જુદા રુમમાં હાઇટેક ઈક્વિપમેન્ટ લગાવાયા છે. જો કે હાઇટેક સુવિધા સહિતના ભવનના ઉદ્ઘાટન સમારોહનો ૧૯ રાજકીય દળોએ વિરોધ કર્યો છે. જો કે વાઈઆરએસ, બીજૂ જનતા દળ અને તેલુગુ દેશમ પક્ષે સમારોહમાં સામેલ થવાની વાત કરી છે.

# લઘુ નવલકથા- છિન્ન -પ્રકરણ ૧૨




શ્રેયાના સ્વભાવ પ્રમાણે ઘરની સમસ્યા ઘર સુધી જ સીમિત રહેવાની હતી. સંદિપ આમેય કામના ઓઠા નીચે ક્યાં કોઈને મળતો હતો કે આ ભડકાની ભનક કોઈ સુધી પહોંચે બાકી એના વર્તન પરથી તો ચોક્કસ આ મનભેદની, આ તનાવની વધુ તો નહીં તો આછોય આગ તો શ્રેયાના ઘર સુધી પ્રસરી હોત.

બાહ્ય રીતે બંને પોતાની મેળે વ્યસ્ત રહેવાનો યત્ન કરતાં, પણ અંદરથી જે ખાલીપો સર્જાતો હતો, એનાથી બંને સભાન હતાં જ. કોણ સાચું અને કોણ ખોટું એની અદાલત ક્યાં ભરાવાની હતી કે, એમની સમસ્યાનો કોઈ ઉકેલ આવે? જેમ દિવસો વીતતા ગયા તેમ ખાલીપાની ખાઈ વિસ્તરતી ગઈ.

કોઈ પણ છોકરીને આટલું સમજી શકતો હોય એવો પતિ મળે તો ખરેખર એ એના માટે સદનસીબ ના કહેવાય? બિઝનેસમાં પણ સાથે કામ કરવું હોય તો બે પાર્ટનર વચ્ચે એક મત કે સમજૂતી હોય તો જ આગળ ચાલે છે તો આ તો જીવનની પાર્ટનરશિપ કહેવાય એમાં તમારી વચ્ચે જે સંવાદિતા છે તે તને બીજા કોઈમાં મળશે જ એવી તને કોઈ ખાતરી છે?

શ્રેયાને પપ્પા સાથે થયેલી વાત આજે પણ યાદ હતી. આ સમજૂતી કે આ સંવાદિતા ક્યાં ગુમાવી બેઠી એ? સંગીતના સાત સૂરોમાંથી કોઈ એક સૂર આઘોપાછો થયો હતો કે એ સૂરને એકતાલ કરતો તાર જ તૂટી ગયો હતો?

શ્રેયાને અનહદ દુઃખ કોરી નાખતું હતું. સંદિપને એના ક્યાં કોઈ સૂચનની ક્યારેય જરૂર હતી? શા માટે એનાથી એ દિવસે ટકોર થઈ ગઈ?

વળી મન પાછું દલીલે ચઢતું. એમાં એણે ખોટું ક્યાં કર્યું છે, એટલું કહી શકવાનો એને હક તો હતો જ ને તો સંદિપનો પ્રતિભાવ આવો કેમ?

કોઈ પણ દિશામાં લેવાયેલો તારો નિર્ણય મને મંજૂર છે. તું મારી અત્યંત કરીબી દોસ્ત હતી અને રહીશ જ.

આવુ જ કંઈક તો સંદિપે એને કીધું હતું ને?

આ મંજૂરી, આ કરીબી, આ દોસ્તી ક્યાં અટવાઈ? દોસ્ત વચ્ચે નિખાલસતા ન હોય? દોસ્ત વચ્ચે મતભેદ હોય એ બરાબર પણ આટલી હદે મનભેદ હોઈ શકે?

સંદિપ જ કહેતો હતો ને કે જીવન સાવ અજાણી વ્યક્તિ સાથે ગોઠવવું તેનાં કરતાં જેને જાણતાં હોઈએ, ઓળખતાં હોઈએ તેની સાથે જીવન જોડવું વધુ યોગ્ય છે..

બસ આટલું જાણી શક્યાં હતાં એ બે એકબીજાને?

સાંજ પડે ઘરની ઓફિસ કમ લાઈબ્રેરીમાં બેઠી બેઠી શ્રેયા કોઈ ઉદ્દેશ વગર આમતેમ પાનાં ઉથલાવતી જતી હતી, કે પછી અજાણપણે ફરીફરી મનને ઉથલાવતી હતી?

સંબંધોમાં વળગણ જેવું ક્યાંથી લાગે સગપણ જેવું.

શાને લાગે ભારણ જેવું, ક્યાં છે કોઈ કારણ જેવું.

આંસું જેવો ખારો નાતો લાવું ક્યાંથી ગળપણ જેવું.

આંખોને કોરુંકટ તારે, મારે કાયમ શ્રાવણ જેવું.

ચાલ ફરીથી રમવા ઘર-ઘર વીતેલા એ બચપણ જેવું"

ઓહ! આ તો મારા મનની જ વાત કે પછી મને જ હવે બધામાં મારાં મનની વાત પડઘાય છે?×

અતીતમાં સાવ ખોવાઈ ગયેલી શ્રેયાની નજર ઈશ્ક પાલનપુરીની રચના પર ફરતી હતી કે એનાં અને સંદિપના સંબંધોનાં સરવૈયા પર? ઘડીભર તો શ્રેયાને થયું કે આ વીતેલો સમય ફરી એક વાર પાછો જ્યાંથી શરૂ થયો હતો એ મુકામ પર એને અને સંદિપને લાવી દે તો કેવું? સાવ બચપણમાં રમાતાં ઘરઘર તો નહીં પણ, એમના સંબંધોના શૈશવ પર ફરી એક વાર પગલી માંડવા મળે તો કેવું?

નાની હતી ત્યારે પપ્પા-મમ્મી સાથે ચોરવાડ ગઈ હતી ત્યારે એ રેતીનું ઘર બનાવતી. પાણીની એક છાલકે એ ઘર પડી ભાંગતું. પપ્પા સમજાવતા એ તો એમ જ હોય, રેતીનું ઘર કોને કહેવાય? પપ્પા આગળ થોડે દૂર જઈને ફરીથી શ્રેયાને ઘર બનાવવામાં મદદ કરતા.

આજે પણ મોટી થઈને એણે રેતનું જ ઘર બનાવ્યું જે એક જ છાલકમાં પડી ભાંગવા માંડ્યું? હવે તો દરિયાલાલે એને ચારેબાજુથી ઘેરી લીધી હતી ક્યાંય કોઈ કોરી જગ્યા જ ક્યાં હતી કે આગળ થોડે દૂર નવું ઘર બનાવે? વારંવાર પ્રેમની છાલકે ભીંજવતો એનો સંદિપ, 'હું તો ખોબો માંગુને દઈ દે દરિયો..'.જેવું વહાલ વરસાવતો સંદિપ અત્યારે સાવ કોરાકટ રણ જેવો કેમ? આ સંબંધો, આ સગપણ કોઈ ખાસ કારણ વગર ભારણ જેવા કેમ બની ગયા? અનેક મથામણો પછી એને એવું લાગતું હતું કે, હવે એ બંને જણ એક એવા પોઈન્ટ પર આવીને ઊભાં છે જ્યાં 'પોઈન્ટ ઓફ નો રિટર્ન'ની સાઈન વણલખેલી વંચાતી હતી.

આલેખનઃ રાજુલ કૌશિક

**આલેખનઃ રાજુલ કૌશિક**

# વડાપ્રધાન મોદીએ નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સિલની બેઠકની અધ્યક્ષતા કરી, ૮ મુખ્યમંત્રી હાજર ન રહ્યાં

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૭

નરેન્દ્ર મોદીએ આજે નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સિલની આઠમી બેઠકની અધ્યક્ષતા કરી હતી.આ બેઠક દિલ્હીના પ્રગતિ મેદાનમાં નવા કન્વેન્શન સેન્ટરમાં યોજાઈ હતી. નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સિલની બેઠકમાં ઘણા રાજ્યોના મુખ્યમંત્રીઓએ ભાગ લીધો હતો. નીતિ આયોગના અધ્યક્ષ તરીકે પીએમ મોદીએ બેઠકની અધ્યક્ષતા કરી હતી. જેમાં ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાના ઉદ્દેશ્ય સાથે આરોગ્ય, કૌશલ્ય વિકાસ, મહિલા સશક્તિકરણ અને માળખાકીય વિકાસને લગતા મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.

નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સિલની બેઠકમાં ઘણા રાજ્યોના મુખ્યમંત્રીઓએ ભાગ લીધો હતો. જેમાં ગૃહ મંત્રી અમિત શાહ, નાણા મંત્રી નિર્મલા સીતારમણ અને રક્ષા મંત્રી રાજનાથ સિંહે પણ ભાગ લીધો હતો. આ બેઠકમાં છત્તીસગઢના મુખ્યમંત્રી ભૂપેશ બઘેલ, આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી જગન મોહન રેડ્ડી, ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેન, અરુણાચલ પ્રદેશના મુખ્યમંત્રી પેમા ખાંડુ, મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદે ઉપસ્થિત રહ્યા હતા. નીતિ આયોગે બેઠક પહેલા જણાવ્યું હતું કે દિવસભર ચાલનારી બેઠક દરમિયાન આઠ મુખ્ય વિષયો પર ચર્ચા કરવામાં આવશે. આમાં વિકસિત ભારત જ ૨૦૪૭, એમએસએમઈ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને રોકાણ, જટિલતાઓને ઘટાડવા, મહિલા સશક્તિકરણ, આરોગ્ય અને પોષણ, કૌશલ્ય વિકાસ અને ક્ષેત્ર અને સામાજિક માળખાના વિકાસ માટે પ્રેરક બળનો સમાવેશ થતો હતો

નીતિ આયોગના નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્યમંત્રીઓ/લેફ્ટનન્ટ ગવર્નરો, કેન્દ્રીય મંત્રીઓ પદાધિકારી સભ્યો તરીકે અને નીતિ આયોગના ઉપાધ્યક્ષ અને સભ્યો આ બેઠકમાં ભાગ લીધો હતો આયોગની ૮મી ગવર્નિંગ કાઉન્સિલની બેઠકની તૈયારીમાં જાન્યુઆરી ૨૦૨૩માં બીજી મુખ્ય સચિવોની કોન્ફરન્સ યોજાઈ હતી, જ્યાં આ મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.નીતિ આયોગે વધુમાં જણાવ્યું હતું કે આ ૮મી ગવર્નિંગ કાઉન્સિલની બેઠક પણ ભારતના જી૨૦ પ્રેસિડન્સીની પૃષ્ઠભૂમિમાં યોજાઈ રહી છે. ભારતનું જી ૨૦ સૂત્ર 'એક પૃથ્વી, એક કુટુંબ, એક ભવિષ્ય' તેના સંસ્કૃતિના મૂલ્યો અને આપણા ગ્રહના ભાવિને આકાર આપવામાં દરેક દેશની ભૂમિકા અંગેની તેની દ્રષ્ટિને પ્રતિબિંબિત કરે છે. દરમિયાન ૮ રાજ્યોના મુખ્યમંત્રીઓએ આજે નીતિ આયોગની આઠમી ગવર્નિંગ કાઉન્સિલની બેઠકનો બહિષ્કાર કર્યો હતો. આ નિર્ણય પર વિપક્ષી દળોના મુખ્યમંત્રીઓએ ભાજપ પર આકરા પ્રહારો કર્યા છે. ભાજપના નેતા રવિશંકર પ્રસાદે કહ્યું કે વિપક્ષી નેતાઓ મોદીના વિરોધને કારણે રાજયની જનતાને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કરી રહ્યા છે.

ભાજપના નેતાએ કહ્યું કે વિપક્ષ શાસિત રાજયોના મુખ્ય પ્રધાનો જેમણે નીતિ આયોગ ગવર્નિંગ કાઉન્સિલની બેઠકને છોડવાનો નિર્ણય કર્યો છે તેઓ તેમના રાજ્યોના ×વિકાસનો બહિષ્કાર× કરી રહ્યા છે. તેમણે કહ્યું કે ગવર્નિંગ કાઉન્સિલની બેઠક (જીસીએમ)માં ૧૦૦થી વધુ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી છે અને જે રાજ્યોનું પ્રતિનિધિત્વ કરવામાં આવશે નહીં તેમના લોકોને નુકસાન થશે.

રવિશંકરે કહ્યું કે, દેશના વિકાસ અને યોજનાઓ માટે નીતિ આયોગ ખૂબ જ મહત્વપૂર્ણ છે અને જે મુખ્યમંત્રી આ બેઠકમાં નથી આવ્યા તેઓ તેમના રાજ્યના લોકોનો અવાજ અહીં નથી લાવી રહ્યા. ગવર્નિંગ કાઉન્સિલની બેઠકમાં મહત્વપૂર્ણ ચર્ચાઓ થાય છે, મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવે છે અને તે પછી આ નિર્ણયોને જમીન પર લાગુ કરવામાં આવે છે. આમ છતાં આ મુખ્યમંત્રી કેમ નથી આવતા? મોદીના વિરોધમાં ક્યાં સુધી જશો? આ મુખ્યમંત્રી પોતાના રાજ્યની જનતાને કેમ નુકસાન પહોંચાડી રહ્યા છે?

# સંબંધી અને પત્નીના ત્રાસથી આધેડે જીવન ટૂંકાવ્યુ, મરતા પહેલા વીડિયો જાહેર કર્યા

(એ.આર.એલ),અમદાવાદ,તા.૨૭

પત્નીના અન્ય પુરુષ સાથેના આડા સંબંધ અને કૌટુંબીક સંબંધીઓને આપેલ દાગીના તેમજ રૂપિયા પરત ન કરીને પોલીસમાં અરજી કરીને માનસિક ત્રાસ આપતા આધેડે આત્મહત્યા કરી છે. આત્મહત્યા કરતા પહેલા મૃતકએ વીડિયો પણ બનાવ્યો હતો અને સ્યુસાઇડ નોટ પણ લખી હતી. જેના આધારે પોલીસએ ૭ લોકો વિરુદ્ધમાં આત્મહત્યા માટે દુષ્પ્રેરણાનો ગુનો દાખલ કર્યો છે. શહેરના વાસણા વિસ્તારમાં રહેતા ભુપેન્દ્રભાઇના પત્નીનું અવસાન થયા બાદ તેમના પરિચિત એક મહિલા સાથે તેમને પ્રેમસંબંધ બંધાયો હતો. જેથી આ મહીલાએ તેના પતિ સાથે છુટાછેડા લઈને ભુપેન્દ્રભાઈ સાથે લગ્ન કર્યા હતાં. ભુપેન્દ્રભાઈ આ મહિલા અને તેના દીકરા સાથે વાસણા વિસ્તારમાં રહેતા હતાં. જોકે છ મહિના બાદ બંન્ને વચ્ચે અવાર નવાર ઝઘડા થતાં હોવાથી મહિલાને અલગ ભાડે મકાન લઇ આપ્યું હતું. જોકે ત્રણેક વર્ષ અગાઉ મહિલા કહ્યા વગર ક્યાંક જતાં રહેતા ભુપેન્દ્રભાઈએ દવા પીને આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. બંન્ને વચ્ચે સમાધાન થતાં એકાદ વર્ષ જીવરાજપાર્ક રહ્યા બાદ મહિલા અને તેના દીકરાને નારણપુરામાં ભાડે મકાન લઇ આપ્યું હતું. જયાં ભુપેન્દ્રભાઇ અવર જવર કરતા હતાં. આશરે બે મહિના પહેલા ભુપેન્દ્રભાઇએ તેમના દીકરાને જણાવ્યું હતું કે, મહિલાએ વૈશાલી અને હરીશ ઠક્કરના કહેવાથી તેમના વિરુદ્ધમાં નારણપુરા પોલીસ સ્ટેશનમાં છેડતીથી ખોટી ફરિયાદ કરેલ છે. જેથી તેમણે દવા પી લીધેલ, જોકે તાત્કાલિક સારવાર માટે સોલા સિવિલ ખસેડવામાં આવ્યા હતાં. બાદમાં મહિલાએ સમાધાન કરી લીધું હતું. ભુપેન્દ્રભાઈ મહિલાના ઘરે જતાં તેણે ઘરે ના આવવાનું કહીને બહાર મળવાનું કહેતા ભુપેન્દ્રભાઈએ ઉંઘની ગોળીઓ ખાઇ લીધી હતી. આ મહીલાને હરીશ ઠક્કર નામના વ્યક્તિ સાથે આડા સંબંધ હોવાની જાણ પણ ભુપેન્દ્રભાઈએ તેમના દીકરાને કરી હતી. બે ત્રણ મહિના પહેલા જ્યારે તેઓ ઘરે હાજર ના હતાં ત્યારે તેમના સંબંધી રમેશ ડોડિયા, ધીરુભાઇ અને રમેશ વાઘેલા તેમના ઘરે આવ્યા હતાં. ભુપેન્દ્રભાઇના દીકરાને કહ્યું હતું કે, તારા પિતા અમારા છ લાખના દાગીના દબાવીને બેસી ગયો છે. અમારે ઘરમાં લગ્ન છે અમને અમારા દાગીના આપો. એના હાથ પગ તોડી નાંખીશું. જોકે ફરિયાદીએ તેઓને સમજાવતા તેઓ ત્યાંથી જતાં રહ્યાં હતાં. આ બાબતે ભુપેન્દ્રભાઇના દીકરાને તેમને ફોન કરીને જણાવતા તેણે કહ્યું હતું કે, રમેશ ડોડિયા પાસે તેમને વીસ હજાર રૂપિયા પાછા લેવાના છે. જ્યારે તેના કહેવાથી તેમણે ધીરૂભાઈ અને રમેશ વાઘેલા પાસેથી દાગીના વેચાણ લીધેલ છે. જોકે બનાવના ચાર પાંચ દિવસ પછી ભુપેન્દ્રભાઇ અને તેમનો દીકરો ધીરૂભાઈ અને રમેશ વાઘેલાને મળવા જતાં તેમણે કહ્યું હતું કે, લગ્ન પ્રસંગ હોવાથી તેમને દાગીના પહેરવા માટે આપે બે ત્રણ દિવસ બાદ દાગીના પરત આપી દઈશું. કેટલાક દિવસ બાદ અવાર નવાર ફોન કરવા છતાં તેમણે દાગીના પરત કર્યા ના હતાં. જ્યારે કુલદીપ પ્રજાપતી નામના યુવક પાસે પણ ઉછીના આપેલા ૮૫ હજાર માંગતા તેના દ્વારા હાથ પગ તોડી નાંખવાની ધમકી આપવામાં આવતી હતી. આમ કંટાળીને ભુપેન્દ્રભાઇએ ૨૪મી મેના દિવસે તેમના પાડોશીને ત્રણ વીડિયો અને એક લખાણ પત્ર વોટ્સઅપ કરીને આત્મહત્યા કરવા માટે જઇ રહ્યા હોવાનું કહેતા તેમનો દીકરો તાત્કાલિક રીવરફ્રન્ટ પર પહોચ્યો હતો. તેઓને સમજાવીને ઘરે લાવ્યો હતો.૨૫મી મેના દિવસે સવારના સમયે તેના પિતા ઘરની નીચે ક્યાંય જોવા ના મળતા ફરિયાદીએ તેમને ફોન કર્યો હતો. ફોન સ્વીચ ઓફ આવતા આસપાસમાં તપાસ કરી હતી. જેમાં રીવરફ્રન્ટ વોક વે પરથી ચપ્પલ મળી આવતા સમગ્ર ઘટનાની જાણ ફાયરબ્રિગેડ અને પોલીસને કરી હતી. ફાયરબ્રિગેડે સાબરમતી નદીમાંથી તેમનો મૃતદેહ શોધી કાઢ્યો હતો.

### ભુવાજી સહિત ૮ની ધરપકડ કરવામાં આવી

# પહેલા ગાડીમાં બેસાડી, પછી હત્યા કરી મૃતદેહ સળગાવ્યો અને ખોટું નાટક રચ્યું

(એ.આર.એલ),અમદાવાદ,તા.૨૭

દેશમાં ફિલ્મી સ્ટોરીને પણ ટક્કર મારે તેવા બનાવ અવારનવાર સામે આવે છે. ત્યારે અમદાવાદમાં ફિલ્મી સ્ટોરીને ટક્કર માટે તેવી રીતે હત્યાની ઘટનાને અંજામ આપ્યો હોવાનો બનાવ સામે આવ્યો છે. દુષ્કર્મનો ભોગ બનેલી યુવતીનું અપહરણ કરી હત્યા કરી દેવાતા ચકચાર મચી જવા પામી છે. આ મામલે પોલીસે સુરજ સોલંકી, એક મહિલા સહિત ૮ લોકોની ધરપકડ કરી છે. સમગ્ર ઘટના વિશે ઝોન-૭ના ડ્ઢઝ્રઁ બી.યુ જાડેજાએ વિગતવાર જણાવ્યું કે, હાલમાં સમગ્ર રાજ્યમાં ગુમ થયેલ મહિલાઓને શોધી કાઢવા બાબતની ડ્રાઈવ ચાલી રહી છે. આ ઝૂંબેશના ભાગરૂપે પાલડી પોલીસ સ્ટેશનમાં છેલ્લા કેટલાક સમયથી અમદાવાદ ખાતે રહેતી અને મૂળ જૂનાગઢની ધારા કડીવાર નામની યુવતી ગુમ થયાની ફરિયાદ નોંધાઈ હતી, જે છેલ્લા એકાદ વર્ષથી ગુમ હતી. આ બાબતની ગંભીરતા પૂર્વક તપાસ હાથ ધરવામાં આવી હતી. તેમણે જણાવ્યું કે, ધારાને શોધી કાઢવા માટે ડીસીપી લેવલે ઝોન ૭ની એલસીબી, સ્થાનિક પોલીસ અને અમારી ટેક્નિકલ સર્વેલન્સ ટીમને કામે લગાવી હતી. આ ટીમો દ્વારા છેલ્લા ૧૫ દિવસથી સઘન તપાસ કરતા કેટલીક માહિતી મળી હતી. જેના આધારે આ બનાવનો ભેદ ઉકેલવામાં આવ્યો છે.

તેમણે જણાવ્યું કે, ધારા કડીવાર ગત ૧૯ જૂનના રોજ જૂનાગઢના પોતાના ઘરેથી નીકળી હતી. ધારા, સુરજ ભુવાજી (સુરજ સોલંકી) અને મીત શાહ કારમાં અમદાવાદ આવવા રવાના થયા હતા. જે બાદ તેઓ મીત શાહના અમદાવાદના ઘરે આવ્યા હતા. જેના બીજા દિવસે ધારા કોઈને કહ્યા વગર મીતના ઘરેથી નીકળી ગઈ હતી તેવું નિવેદન આપીને સુરજ સોલંકીએ પાલડી પોલીસને અરજી આપી હતી. સુરજે પોલીસને જણાવ્યું હતું કે, ધારા પોતાનો સામાન લઈને મીતના ઘરેથી ચાલી ગઈ હતી, તેને મને વોટ્સએપ પર મેસેજ કરીને કહ્યું હતું કે, મને શોધવાની કોશિશ ન કરતા હું તમારા જીવનમાંથી હંમેશા માટે જાવ છું અને પોલીસના લફડામાં પણ પડતા નહીં. જેના એકાદ મહિના બાદ ધારાના ભાઈએ એવું નિવેદન આપીને જાણવાજોગ અરજી કરી હતી કે, મારી બહેન છેલ્લે સુરજ ભુવાજીની સાથે નીકળી હતી, જે ગુમ થઈ ગઈ છે. તેનો કોઈ અતોપતો નથી. ત્યારથી પાલડી પોલીસ આ બાબતની તપાસ કરી રહી હતી. છેલ્લે અમારી ટીમને સફળતા મળી.અમારી તપાસમાં સામે આવ્યું કે, ૧૯ જૂનના રોજ ધારા, સુરજ ભુવાજી (સુરજ સોલંકી) અને મીત શાહ રાત્રે ચોટીલા ખાતે ભોજન કર્યું હતું. જે બાદ ધારાને ફોસલાવી સુરજ અને મીત ચોટીલાની બાજુમાં આવેલા સુરજ સોલંકીના મૂળ ગામ વાટાવચ્છ ખાતે લઈ ગયા હતા. વાટાવચ્છ ગામની સીમમાં સુરજના ભાઈ યુવરાજ અને તેનો મિત્ર ગુંજન જોશીએ આવીને ધારા સાથે બોલાચાલી કરી હતી. આ દરમિયાન કારની પાછળની શીટમાં બેઠેલા મીત શાહે દુપટાથી ધારાને ગળાટૂપો દઈને હત્યા કરી હતી. આ સમયે અન્ય આરોપીએ પણ હત્યા કરવામાં મદદ કરી હતી અને ધારાના મૃતદેહને નજીકની અવાવરુ જગ્યાએ લઈ જઈ આ આરોપીએ સૂકા લાકડા, ઘાસ એકઠુ કરીને તેના પર ધારાનો મૃતદેહ મૂકી તેના પર પેટ્રોલ છાંટીને ધારાનો મૃતદેહ સળગાવી દીધો હતો. જે બાદ આ ધારા ફરાર થઈ હોવાનુ નાટક કર્યુ હતું. જેમાં મીતની માતા, મીતના ભાઈએ પણ સાથે આપ્યો હતો. અગાઉ સુરજ ભુવા સામે આ યુવતીએ દુષ્કર્મની ફરિયાદ પણ નોંધાવી હતી. દુષ્કર્મની વાત છુપાવવા યુવતીની હત્યા કરવામાં આવી હતી. જે બાદ યુવતી ફરાર થઈ ગઈ હોય તેવો ઘટનાક્રમ ઉભો કરાયો હતો. ભુવાના મિત્ર મિતની માતાને યુવતીના કપડા પહેરાવવામાં આવ્યા હતા. યુવતીના કપડા પહેરાવી માતાને પાલડીમાં ફેરવામાં આવી હતી. જેથી લોકોને એમ લાગે કે આ એજ યુવતી છે અને તે ભાગી ગઈ છે. આ કેસમાં પોલીસે સુરજ ભુવાજી અને તેના ભાઈ યુવરાજ, ગુંજન જોશી, મીત શાહ, મીતની માતા, મીતનો ભાઈ અને સંજય નામના આરોપીની ધરપકડ કરી છે. જે વ્યક્તિઓની ધરપકડ કરાઇ છે તેમાં - ગુંજન જોશી ,- સુરજ સોલંકી , મુકેશ સોલંકી ,- યુવરાજ સોલંકી ,- સંજય સોહલિયા ,- જુગલ શાહ ,- મીત શાહ,- મોના શાહ સામેલ છે.

# જૂનાગઢ ભાલચેડા ડેમમાંથી મળ્યો દવાઓનો જથ્થો, કલેક્ટરે તપાસના આદેશ આપ્યા

(એ.આર.એલ),જૂનાગઢ,તા.૨૭

જૂનાગઢમાં ભાલચેડા ડેમમાંથી મોટા પ્રમાણમાં દવાઓનો જથ્થો મળી આવ્યો છે. ડેમના પાણી ઓસર્યા બાદ મોટાપાયે દવાઓનો જથ્થો જોવા મળ્યો છે. કોરોનાની રસી, સિરપની બોટલો અને ગોળીઓનો જથ્થો ફેંકી દેવાયેલી હાલતમાં મળ્યો છે. એક તરફ દવાઓની અછતની ફરિયાદ થઇ રહી છે. બીજી તરફ દવાનો જથ્થો મળી આવતા સર્જાયા અનેક તર્કવિતર્ક થઇ રહ્યા છે.

ગુજરાતમાં વારંવાર આ રીતે દવાઓનો જથ્થો ફેંકી દીધેલી હાલતમાં મળી આવે છે. ત્યારે વધુ એક વાર આવી ઘટના બની છે. જો કે આ વખતે એક ડેમમાંથી દવાઓનો જથ્થો મળી આવ્યો છે. જૂનાાગઢમાં ડેમમાંથી દવાનો જથ્થો મળતા આ અંગે જિલ્લા કલેક્ટરે તપાસના આદેશ આપ્યા છે. મોટાપાયે દવાનો જથ્થો ડેમમાં કોણે ફેંક્યો તે અંગે તપાસ કરવામાં આવશે. જિલ્લા આરોગ્ય વિભાગને ડેમમાંથી મળેલી દવાઓ અંગે તપાસ કરવા જણાવવામાં આવ્યુ છે.

સૌપ્રથમ ફેંકી દેવાયેલી દવા સરકારી કે ખાનગી તે અંગે તપાસ થશે. જે પછી દવા પર દર્શાવવામાં આવેલા બેચ નંબર આધારે તપાસ હાથ ધરાશે. તપાસ રિપોર્ટ આધારે દોષિતો સામે કાર્યવાહી થઇ શકે છે.


# મધ્યપ્રદેશમાં ભાજપના ધારાસભ્યે ભગવાન રામ માટે નવા સંસદ ભવનમાં જગ્યા માંગી

(એ.આર.એલ),ભોપાલ,તા.૨૭

મધ્યપ્રદેશના ભાજપના ધારાસભ્ય નારાયણ ત્રિપાઠીએ નવા સંસદ ભવન સંકુલને લઈને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખ્યો છે. તેમને વિનંતી કરવામાં આવી છે કે રામ રાજ્યને વાસ્તવિક બનાવવા માટે નવા સંસદ ભવન સંકુલમાં રામ-ચરણ પાદુકા (ખડાઉ) સ્થાપિત કરવામાં આવે.

એક સમયે મધ્યપ્રદેશમાં અર્જુન સિંહની પ્રતિમા સ્થાપિત કરવા અને ક્યારેક વિંધ્ય પ્રદેશને અલગ પ્રાંત બનાવવા માટે હેડલાઈન્સ મેળવનારા નારાયણ ત્રિપાઠીએ હવે ભગવાન રામનો સહારો લીધો છે. તેમણે વડા પ્રધાનને લખેલા પત્રમાં જણાવ્યું હતું કે આ ખૂબ જ આનંદની વાત છે કે વિશ્વની સૌથી મોટી લોકશાહી, ભારતના નવા સંસદ ભવનનું ૨૮ મે, ૨૦૨૩ના રોજ ઉદ્ઘાટન થઈ રહ્યું છે. ભારતની આઝાદી પછી, તત્કાલિન બ્રિટિશ સરકાર અને ભારત સરકાર વચ્ચે સત્તાના હસ્તાંતરણના પ્રતીક તરીકે ૨૬૦૦ વર્ષ પહેલાંના ચોલ વંશના રાજદંડ ×સેંગોલ×ને સ્થાપિત કરવાની યોજના આવકાર્ય છે. ત્રિપાઠીએ લખ્યું છે કે ભારતીય સનાતન ધર્મ અને સંસ્કૃતિથી લઈને ભારતીય બંધારણ સુધી સમગ્ર ભારત ૭૫૦૦ વર્ષ પહેલાના રામરાજ્યની સ્થાપના માટે હંમેશા સંકલ્પબદ્ધ અને સંકલ્પબદ્ધ છે. તપોભૂમિ વિંધ્ય પ્રદેશનો ચિત્રકૂટ પ્રદેશ 'રામ-ભારત મિલાપ'નું અધિકૃત સ્થળ તેમજ રામરાજ્યની પ્રથમ કલ્પનાની માતા છે. આ સ્થાન પર, ભારત રામરાજ્યની સ્થાપના માટે મર્યાદા પુરુષોત્તમ પ્રભુ શ્રી રામ પાસેથી સત્તા સ્થાનાંતરિત કરવા માંગતો હતો. શિક્ષકોની સંમતિ પર, પ્રભુ શ્રી રામે સ્વયં તેમની પગની પાદુકા (ખડાઉ) ભારતને પ્રતીક તરીકે આપી હતી. રામ રાજ્યની ઔપચારિક સ્થાપના થઈ. આ રીતે, ભારતીય સનાતન ધર્મ અને સંસ્કૃતિમાં સત્તા સ્થાનાંતરણનું આનાથી વધુ સારું બીજું કોઈ પ્રતીક નથી. ભારતીય બંધારણના ઘડવૈયા બાબાસાહેબ ભીમરાવ આંબેડકર, મહાત્મા ગાંધીથી લઈને ભારત રત્ન અટલ બિહારી વાજપેયી સુધી દેશમાં રામરાજ્યની કલ્પનાને સાકાર કરવાનું સપનું જોયું હતું. આ કારણોસર, નવા સંસદ ભવન સંકુલમાં રામ-ચરણ પાદુકા (ખડાઉ) સ્થાપિત કરવાની વિનંતી છે, જે રામ રાજ્યની સત્તાના હસ્તાંતરણનું પ્રતીક છે. પારદર્શક, સમાન, ન્યાયી રામ રાજ્યની સનાતન ધર્મી વિચારધારા માટે આ ખરેખર આદર હશે. જે વિકૃત માનસિકતા ધરાવતા નેતાઓએ ખડાઉ પાવરને નકારાત્મક ગણીને બીજે ક્યાંકથી ઓપરેટ કરાવવાની વાત કરી છે તેમને પણ બોધપાઠ મળશે. નારાયણ ત્રિપાઠી મૈહર (સતના)ના ભાજપના ધારાસભ્ય છે. ક્યારેક મધ્યપ્રદેશ અમિત શાહને પત્ર લખીને ભાજપની ફરિયાદ કરે છે તો ક્યારેક મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણને અર્જુન સિંહની પ્રતિમા સ્થાપિત કરવાની માંગ કરે છે. એપ્રિલમાં, તેમણે એમ પણ કહ્યું હતું કે તેઓ વિંધ્ય જનતા પાર્ટીની રચના કરશે અને વિંધ્ય પ્રદેશને મધ્ય પ્રદેશથી અલગ કરવાની ઝુંબેશ શરૂ કરશે. ન તો પક્ષ છોડ્યો કે ન તો પક્ષ બનાવ્યો, ભાજપની આંખો ચોક્કસપણે તીખી રહે છે.

Jay Ambe
DR. R.J. Dave
PHD in Astrology and vastu Science.
BASED IN NADIAD ( GUJ.)
India's one of the top 10 Gold medalist, most reputed, International Astrologer


(Dave Guruji)

- Zonal Director ( Gujarat State ) International Human Rights Council
- Kheda Dist. President- Akhil Gujrat Astrological Society
- Honoured and awarded by various religious and social institutions.
- 3 Decades of social & Astrological Services
- Honoured by shree jagatguru Shankaracharyaji Maharaj
- More than one million satisfied Clients in 20 countries all over the world
- Millennium award winner
- Consult for your personal, Family, Social & finance Property litigations
- VASTU VISIT - Available at your house and other premises
- Popular for National and International Predictions
- You can come with your family for your solutions and satisfaction

We are visiting shortly to
AUSTRALIA, NEW ZEALAND, SUVA FIJI, CANADA & USA
Please forward this message to your friends, families, relatives, even other groups and needy people
Please leave your whatsapp message to us for appointments at the above countries
Main office -9 vrajbhumi Society, near Krishna Nagar, Pij road Nadiad.
Mo. & Whatsapp No. +91 99740 92777 Email-astroministry@gmail.com